ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૧ ટકા

### આંતરરાષ્ટ્રીય ટોય રિસર્ચ એસોસિયેશન દ્વારા અમેરિકામાં

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર વર્લ્ડ કોન્ફરન્સમાં ભાગ લેશે

**દર ચાર વર્ષે વર્લ્ડ કોન્ફરન્સમાં "Toys Matter: The Power of Playthings" થીમ રખાઈ**





ગાંધીનગર, તા.૭

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટમાં એક અલગથી રમકડાં કેન્દ્ર છે, અને તેની હેઠળ ટૂંક સમયમાં ટોય હાઉસનું પણ ઉદઘાટન થવાનું છે. રમકડાં દ્વારા શિક્ષણ આપી બાળકોનો સર્વાંગી વિકાસ કરવા માટે યુનિવર્સિટી સતત પ્રયત્નશીલ છે. જ્યારે બીજી બાજુ આંતરરાષ્ટ્રીય સ્તરે રમકડાં ઉપર ઈન્ટરનેશનલ ટોય રિસર્ચ એસોસિયેશન (આઈટીઆરએ) કામ કરે છે. જે દર ચાર વર્ષે એક વર્લ્ડ કોન્ફરન્સનું આયોજન કરે છે. દુનિયાભરના રમકડાં સાથે જોડાયેલાં નિર્માતાઓ, રિસર્ચર્સ, શિક્ષણવિદો આ કોન્ફરન્સમાં ભાગ લેતાં હોય છે. તેવામાં આ વર્ષે અમેરિકાના ન્યૂયોર્કના રોચેસ્ટરમાં ૯ ઓગસ્ટથી ૧૧ ઓગસ્ટ દરમિયાન વર્લ્ડ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ટોય ઈન્નોવેશન ડિપાર્ટમેન્ટના આસિસ્ટન્ટ પ્રોફેસર હર્ષુલ બ્રહ્મભટ્ટ પણ ભાગ લેવાના છે. તેઓ આ કોન્ફરન્સમાં ગુજરાતની સાથે ભારતનું પ્રતિનિધિત્વ કરશે, અને 'બાળકોમાં પાયાનીસાક્ષરતામાટેરમકડાં આધારિત શિક્ષણશાસ્ત્રની અસર' અંગે રિસર્ચ પેપર રજૂ કરશે.

ઈન્ટરનેશનલ ટોય રિસર્ચ એસોસિએશન દ્વારા આયોજિત ૯મી વર્લ્ડ કોન્ફરન્સ ૯મીથી ૧૧મી ઓગસ્ટ ૨૦૨૩ દરમિયાન રોચેસ્ટર, ન્યૂયોર્ક, અમેરિકામાં ધ સ્ટ્રોંગ નેશનલ મ્યુઝિયમ ઓફ પ્લે ખાતે યોજાશે. તેમની ૩૦મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે આ કોન્ફરન્સની થીમ "ટોય્ઝ મેટરઃ ધ પાવર ઓફ પ્લેથિંગ્સ" છે. તે સંશોધકો, ડિઝાઈનર્સ અને વ્યાવસાયિકો માટે ઓળખને આકાર આપવા, આપણા વિશ્વને પ્રતિબિંબિત કરવા અને પ્રભાવિત કરવામાં રમકડાંના મહત્વને અન્વેષણ કરવા માટે એક પ્લેટફોર્મ પ્રદાન કરે છે. આ કોન્ફરન્સમાં રમકડાંની વિકસતી વ્યાખ્યા, ટેક્નોલોજી, પર્યાવરણઅનેસાંસ્કૃતિક પરિવર્તન જેવા પડકારો વચ્ચે રમકડાની અસર અને આ પરિવર્તનકારી સમયમાં બાળકો અને પુખ્તવયના લોકોના જીવનમાં રમકડાંની ભૂમિકા જેવા વિષયો પર આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદો ગહન ચર્ચા કરશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની પરિકલ્પના એવી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વૈજ્ઞાનિક સંસોધનના આધારે બાળકોનાં સર્વાંગીળ વિકાસ માટે સતત કાર્ય કરી રહી છે. જ્યારે યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના રમકડાં વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર હર્ષુલ બ્રહ્મભટ્ટ વર્લ્ડ કોન્ફરન્સમાં પાયાના તબક્કા માટેની સાક્ષરતા માટે રમકડાં પર આધારિત શિક્ષણ પર રિસર્ચ પેપર રજૂ કરશે. આ પેપરમાં ૪૫ વિદ્યાર્થીઓ (સરકારી શાળા બોરીજ,ગાંધીનગરના અને યુનિવર્સિટીના સમર કેમ્પમાં સામેલ થયેલ બાળકો) સાથે ૯ દિવસના વર્કશોપ દરમિયાન સંકળાયેલા અભ્યાસનું વર્ણન કરવામાં આવ્યું છે,જેનો ઉદ્દેશ્ય પાયાની સાક્ષરતાને પ્રોત્સાહન આપવા માટે રમકડાં અને રમતની ભૂમિકાને સમજવાનો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં પ્રાથમિક શિક્ષણ એ નિર્ણાયક તબક્કો છે,જ્યાં વિદ્યાર્થીઓ પાસે ૮ વર્ષની ઉંમર સુધીમાં પાયાની કુશળતા હોવી જોઈએ. જોકે, ઘણા વિદ્યાર્થીઓમાં આ કુશળતાનો અભાવ હોય છે અને તેનું સંશોધન કરવા માટે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં બાળકોની પાયાની સાક્ષરતાનું મૂલ્યાંકન કરીને ડેટા એકત્ર કરવામાં આવ્યા હતા. અભ્યાસ દરમિયાન બાળકોને ચોક્કસ કાર્યો સોંપવામાં આવ્યા હતાં, અને તેના આધારે બાળકોની ક્ષમતાનું વ્યાપક મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. અભ્યાસ દરમિયાન બાળકોની પાયાની સાક્ષરતા પર રમકડાં અને રમતોનો સ્પષ્ટપ્રભાવ જોવા મળ્યો હતો. આ અભ્યાસની ફલશ્રુતિરૂપે હર્ષુલ બ્રહ્મભટ્ટ આંતરરાષ્ટ્રીય પરિસંવાદ, ન્યૂયોર્ક ખાતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહ્યા છે.

# લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા "જોય ઓફ શેરીંગ" કાર્યક્રમ




ગાંધીનગર, તા.૭

પહેલાં લોકો પોતાની વર્ષગાંઠની ઉજવણી મિત્રો સાથે અથવા કુટુંબીજનો સાથે ઘર કે હોટલમાં કરતાં. પણ હવે સમય સાવ બદલાઈ ગયો છે. સાધન સંપન્ન, સેવાભાવી લોકો પોતાની આનંદની ક્ષણો ગરીબો અથવા શાળાના બાળકો સાથે ઉજવીને ખુશી મેળવતા હોય છે. ખુશીનું ક્યાં સરનામું હોય છે? જે કાર્યમાં આપને ખુશી મળે એ જ એનું સરનામું...! આમ જોઈએ તો આ નિજાનંદની વાત છે. લાયન્સ ક્લબ ગાંધીનગર ફેમીના દ્વારા "જોય ઓફ શેરીંગ" ના સુંદર મજાના સેવાકીય કાર્યક્રમનું તાજેતરમાં આયોજન કરવામાં આવેલ. ફેમીના ક્લબના લાગણીશીલ સેવાભાવી સેક્રેટરી ભૂમીબેન જોગાણીની વર્ષગાંઠની ઉજવણી તથા ફ્રેન્ડશીપ ડે ની સહીયારી ઉજવણીના ભાગરૂપે આ કાર્યક્રમનું સુપેરે આયોજન કરેલ. આ કાર્યક્રમ સેકટર ૧૩ ની નંદનવન અનુદાનિત શાળામાં કરવામાં આવ્યો હતો. શાળાના બાળકો સાથે કેક કાપીને ભૂમીબેનની વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી હતી. સાથે સાથે શાળાના ૧૫૦ જેટલા બાળકોને પોતાના શૈક્ષણિક કાર્યમાં ઉપયોગી થાય તે સેવાહેતુથી ચોપડા, પેન અને નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ. શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા આમંત્રિત મહેમાનો સમક્ષ સુંદર મજાનો સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવેલ.સંસ્થાની બહેનોએ બાળકોને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધી મિત્રતા દિવસની ઉજવણી કરેલ. સમગ્ર કાર્યક્રમ માટે મંત્રી ભૂમિબેન જોગાણીનો આર્થિક સહયોગ મળેલ. આ કાર્યક્રમમાં પ્રમુખ ચંદાબેન, ઉપપ્રમુખ અર્ચનાબેન દવે, મંત્રી ભૂમિબેન જોગાણી, ટ્રેઝરર ગીતાબેન પટેલ તથા મોટી સંખ્યામાં સંસ્થાની બહેનો જોડાઈ હતી. ભૂમિબેને કાર્યક્રમને સફળ અને યાદગાર બનાવવા બદલ શાળાના આચાર્ય યોગેશભાઈ, શિક્ષક ગણ અને ફેમીનાની બહેનોનો આભાર માન્યો હતો.

# કેપીટલ રનર્સ ગ્રૂપના સભ્યોએ રનિંગ કરીને ફ્રેન્ડશીપ ડેની ઊજવણી કરી..!



ગાંધીનગર, તા.૭

ઓગસ્ટ મહિનાના પહેલા રવિવારે ફ્રેન્ડશીપ ડે નિમિત્તે કેપીટલ રનર્સ ગ્રૂપના સભ્યો પાંચથી લઈ ૧૫ કિલોમીટર રનિંગ કરીને અનોખી રીતે ફ્રેન્ડશીપ ડે ઉજવ્યો હતો. મહાત્મા મંદિર પાસે આવેલા સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે સવારે છ વાગ્યે સૌ રનર્સ ભેગા મળીને પછી પોતાની ક્ષમતા મુજબ રનિંગ કરી હતી. કેપીટલ રનર્સ ગ્રૂપના પ્રવીણ નાયર, સુનીલ પિલ્લાઈ, મેહુલ પરમાર, બાબુલનાથ દવે, બાબુ મેનન, અમ્મીની મેનન, જ્યોથિ, કન્નાઉન્ની, સંજય થોરાત, રાધાક્રીષ્નન અને રોશની આ દોડમાં જોડાયા હતાં. શહેરના રનર્સ રનિંગ કરીને ફ્રેન્ડશીપ ડેની ઊજવણી કરે એ કૌતુકાસ્પદ બાબત છે.

# સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સના વિદ્યાર્થીઓ ગીફ્ટ સીટીમાં બીએસઈની મુલાકાતે




સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજના બીકોમ સેમ ફાઈવ ના ૫૦ જેટલા વિદ્યાર્થીઓ માટે ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે આવેલ બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) nee મુલાકાત લીધી હતી. ભવિષ્યમાં રોકાણકારો બનાવવા ની અનોખી પહેલ તેમજ કેવી રીતે કરવુ બીએસઈના રિસોર્સ પર્સન મહેશભાઈ પંડ્યાએ વિદ્યાર્થીઓને રોકાણ અને ટ્રેડિંગ અંગે પ્રેઝન્ટેશન દ્વારા સમજ આપી હતી. તેમજ ઓનલાઈન ટ્રેડિંગ કેવી રીતે કરવું તેવું પણ સમજાવ્યું હતું. ખરેખર આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી અને મહત્વની સાબિત થશે. આ કાર્યક્રમનું સફળ આયોજન કરવા અને સફળ બનાવવા માટે પ્રો ભૂમિ ઠક્કર તથા પ્રો હીર શાહને કૉલેજ સત્તા મંડળ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.આજ ના સમય માં ભારતીય અર્થતંત્ર રોકેટ ગતિએ આગળ વધી રહ્યું અને સમગ્ર વિશ્વની નજર ભારતીય ઉભરતા બજાર ઉપર છે.



શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાધીનગર સંચાલિત સેકટર ૩ શાખા ધ્વારા ઓયોજીત "વિધાથી સન્માન સહ સ્નેહ મિલન કાયૅકમ શ્રી સ્વામી સચ્ચિદાનંદ ભવન સેકટર ૧૬ ગાધીનગર ખાતે યોજાયો હતો. આ પ્રસંગે સમાજના રિકીનભાઈ વ્યાસ ડૉ. સંદીપભાઈ પાઠક, સુનિલભાઈ મહેતા, શ્રી વિપિનભાઈ પંડ્યા, શ્રી રમેશભાઈ ઉપાધ્યાય, શ્રી ઉર્વીશભાઈ ત્રિવેદી, શ્રી રૂષિકેશભાઈ યાજ્ઞિક, શ્રી સતિષભાઈ દવે, શ્રી સમીરભાઈ મહેતા, શ્રી હાર્દિકભાઈ દવે, શ્રી વિશાલભાઈ દવે, શ્રી ચેતનભાઈ ભટ્ટ, શ્રી ભરતભાઈ જાની, શ્રી ઉમેશભાઈ શુક્લા, તથા મહિલા પ્રમુખ સુ.શ્રી દિનાબેન ભટ્ટ તથા તેમની સમગ્ર ટીમ યુવા પ્રમુખ શ્રી ધવલભાઈ દવે તથા શ્રી હાર્દિકભાઈ મહેતા ઓને સોપાયેલ જવાબદારી નિભાવી છે

# વાવોલ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ



સોમવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે વાર્ડ-૭ વાવોલ, સાર્થક સફલ સોસાયટી, શિવેષ -૧૮૨ સોસાયટીની સામેના વાયર ફેન્સીગ કરેલા મેદાન સ્થળે વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મેયરશ્રી હિતેશભાઈ મકવાણા , ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, ભાજપા ગાંધીનગર શહેર પ્રમુખ રુચિર ભાઈ ભટ્ટ, ડે. મેયર, સ્ટે. ચેરમેન, મહાનગરના કાઉન્સિલરો, હોદ્દેદારો, વસાહતીઓ અને સિનિયર કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહયા હતા.



સરકારી વાણિજ્ય કોલેજ સેક્ટર-૧૫,ગાંધીનગર ખાતે આજરોજ વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. એનએસએસના વિદ્યાર્થીઓ તેમજ કોલેજના સમગ્ર સ્ટાફે વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમમાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર મનસુખભાઈ રાઠોડ દ્વારા વિધાર્થીઓને આયુર્વેદિક છોડ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ.અમિત સુતરીયાએ વિદ્યાર્થીઓને વૃક્ષનું જતન અને પર્યાવરણની જાળવણીમાં પોતાનું યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# વિરેશ્વર મહાદેવના સાનિધ્યમાં વકીલોની ચિંતન શિબિર યોજાઈ



ગાંધીનગર એડવોકેટસ્ ફ્રેન્ડસ્ ક્લબ દ્વારા બારના પૂર્વ પ્રમુખ લાલસિંહ જે ગોહિલ તેમજ એન. કે મકવાણાની ઉપસ્થિતિમાં એક દિવસય પોળોના જંગલોમાં પિકનિક તેમજ બપોર પાછી વિરેશ્વર મહાદેવના સાનિધ્યમાં ૪૫ મિનિટનું ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં વકીલોના હિત માટે ટોકન દરે વીમા પ્રીમિયમની ચર્ચા કરવામાં આવી અને આગામી બારની ચુંટણી માટે કોઈ પણ જ્ઞાતિ જાતિ ના ભેદભાવ વગર વકીલોના હિત માટે તંદુરસ્ત નેતૃત્વ માટે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# બીબીએ કોલેજના એનએસએસ દ્વારા લોદરા મુકામે વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન

ગાંધીનગર તા.૭

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેક્ટર-૨૩માં આવેલી બીબીએ કૉલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો દ્વારા દત્તક ગામ લોદરાની મુલાકાત લીધી હતી. અને વિવિધ પ્રવૃતિઓમાં સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજના બાબતે વિદ્યાર્થીઓને વિસ્તૃત ખ્યાલ આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને રાષ્ટ્રનિર્માણની પ્રવૃતિ બાબતે સજ્જ બને તે માટે દ્વજીજીનું માધ્યમએ ખૂબ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે.ઉપાચાર્ય ડો.જયેશ તન્ના સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ સેવાકીય પ્રવૃતિઓમાં થતાં કાર્યો બાબતે વિદ્યાર્થીઓને સમજ આપી હતી.પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજનાના માધ્યમથી વ્યક્તિત્વ વિકાસ અને ચરિત્ર નિર્માણ બાબતે યુવાનોના ઘડતર માટેનું શ્રેષ્ઠ માધ્યમ હોવાનું જણાવ્યુ હતું.અને રાષ્ટ્રનિર્માણ માટેના પાયાનું કાર્ય રાષ્ટ્રીય સેવા યોજના થકી થઈ શકે તે બાબત પર ભાર મૂક્યો હતો.સાથેસાથે કેટલીક મહત્વપૂર્ણ બાબતો સમજાવી હતી.આમ સમગ્રલક્ષી બાબતોની ચર્ચા કરી સેવાની સાથે શિસ્ત,સમર્પણ,સત્ય અને ફરજના પાઠ અંહી ભણવાના છે.તે બાબત પર ભાર મૂક્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારાં ગ્રામોત્થાન માટે વૃક્ષારોપણ બેકાર લોકોના ઔપચારિક શિક્ષણ અથવા નિયમિત રોજગારમાં ન હોય તેવા યુવાનોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું.તેમજ યુવા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે માર્ગદર્શિત કરવા બાબતની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી હતી.તેમજ લોકસંપર્ક દ્વારાં વિદ્યાર્થીઓએ સમાજ સુધારણાના વિવિધ કાર્યો કરાવ્યા હતા.લોદરા ગામ એ પૂજય બલરામ દાસજી બાપુની પુણ્યભૂમિ કહી શકાય તેઓના થકી ગામ અનેક વિકાસ કાર્યો મુર્તિમંત થયા છે.ત્યારે પ્રોગ્રામઓફિસર તેમજ વિદ્યાર્થીઓ દ્વારાં હનુમાનજી મંદિરની મુલાકાત લઈ તેમના જીવન વિષે જાણ્યું હતું.સમગ્ર પ્રવૃતિ આચાર્યશ્રી ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ,ઉપચાર્ય અને પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના,પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવી હતી.




# જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સહકારી મંડળી દ્વારા સભાસદોને ડિવિડન્ડ આપવામાં આવશે

ગાંધીનગર તા.૭

ગાંધીનગર જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સહકારી મંડળી લિ.ના ચેરમેન અશ્વિન બારોટની એક યાદી દ્વારા જણાવવામાં આવ્યું છે કે સંસ્થાના દરેક સભાસદને ડિવિડન્ડ પેટે સોલાપુરી ચોરસા તા.૧૦ ઓગષ્ટને ગુરુવારથી દરરોજ સવારે ૧૧થી સાંજના ૫ દરમિયાન ખાદી મંદિર કાર્યાલય, સેક્ટર -૧૬, ગાંધીનગર ખાતેથી વિતરિત કરવામાં આવશે.દરેક સભાસદોએ શેર સર્ટિફિકેટ તથા આધારકાર્ડની કોપી અવશ્ય સાથે લઈને આવવાનું રહેશે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ.દંતાણી કંકુબેન રાજુભાઈ** ઉ.વ.૪૩, સે-૨૨ છાપરાં
- **સ્વ.વાઘેલા મહોબતસિંહ હમીરસિંહ** ઉ.વ.૭૮, પેથાપુર
- **સ્વ.વ્યાસ રમેશભાઈ ચીમનલાલ** ઉ.વ.૬૩,ગાંધીનગર
- **સ્વ.ઓડ અર્જુનભાઈ વિઠ્ઠલભાઈ** ઉ.વ.૩૫, પેથાપુર
- **સ્વ.રાવળ કંકુબેન ડાહયાભાઈ** ઉ.વ.૯૨, સે-૨૪ ઈન્દિરાનગર
- **સ્વ.લેઉવા નરેશભાઈ રેવાભાઈ** ઉ.વ.૫૨, ગાંધીનગર


## જન્મદિને વધામણી



હરેશ જી જોશી
બનાસકાંઠા પ્રતિનિધિ
ગાંધીનગર સમાચાર
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬



અલ્પેશ કે ચૌહાણ
મો. ૯૬૨૪૩ ૭૦૭૩૫



ચંદ્રદીપસિંહ ચુડાસમા
મો. ૭૭૭૮૦ ૦૦૭૮૨



લતા દેવ
મો. ૯૭૧૪૧ ૦૮૮૭૪



કૈલાસબેન રમેશભાઈ પટેલ
મો. ૯૪૨૬૪ ૦૧૮૨૩



અંજુ મારવાડી



દેવલ ભાવસાર
મો. ૯૬૨૪૫ ૫૨૫૫૫



પ્રતિક્ષા એસ સોલંકી
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮



ધ્વનિ દિક્ષિત બ્રહ્મભટ્ટ



માહી દશરથસિંહ ખેર



નિમીષાકુમારી વી.રાઠોડ